# રાજ્યમાં કોરોનાના કેસ બે લાખને પાર

## રાજ્યમાં કોરોનાના નવા ૧૫૧૦ કેસ : કડક નિયમો છતાં કોરોના મહામારી વકરી : વધુ ૧૬નાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૮૯૨ : સ્વસ્થ દર્દીનો આંક ૧૮૨૪૭૩

અમદાવાદ, તા. ૨૪

સમગ્ર દેશમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ૨૪ કલાકમાં દિલ્હી, મહારાષ્ટ્ર અને કેરળમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે તો ગુજરાતમાં પણ કોરોનાની મહામારી વધુ પ્રસરતા સરકારે ૨૦૦માંથી લગ્નમાં ૧૦૦ની છૂટ કરી છે અને ચાર શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ પણ યથાવત રાખવામાં આવ્યો છે.

ઉપરાંત માસ્ક અંગે નિયમો પણ વધુ કડક બનાવવામાં આવ્યાં છે. ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૧૦ નવા કેસ સાથે કુલ આંકડો પણ ૨ લાખને પાર થયો છે. જ્યારે ૨૪ કલાકમાં ૧૨૮૬ દર્દીઓ સ્વસ્થ થતાં રિકવરી રેટ પણ ૯૧.૦૫% થયો છે.

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૮૪,૬૨૫ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૩૮૯૩૩૦ થયો છે. રાજ્યમાં ૧૫૧૦ નવા દર્દીઓ સામે ૧૨૮૬ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૮૨,૪૭૩ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૩૦૧.૯૨ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૩,૩૩૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૯૩,૨૩૦ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૦૭ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૦૪૪ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૪ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૩૯૫૦ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં સતત કોરોનાનો અજગર ભરડો વધતાં મોત પણ વધી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૨, સુરત કોર્પોરેશનમાં ૩ તેમજ બોટાદમાં ૧ મોત નોંધાતાં રાજ્યમાં કુલ ૧૬ મોત નોંધાયા હતાં. જેથી હવે રાજ્યમાં મૃત્યુઆંક પણ ૩૮૯૨ થયો છે.

### કોરોના ઈફેક્ટ

- અમદાવાદમાં ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં યોજાનાર કાંકરીયા કાર્નિવલ બંધ રખાયો.
- રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે કોરોનાથી સંક્રમિત થતાં યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા.
- સુરતના મેયર જગદીશ પટેલ અને અમદાવાદના ડેપ્યુટી કમિશનર આર.કે. મહેતા કોરોનાથી સંક્રમિત.
- મોડી સાંજે ઈન્ડીગો ફ્લાઈટ દ્વારા પોવાક્સીન-ટીએમ નામની વેક્સીન અમદાવાદ આવી પહોંચી. આ માત્ર ટ્રાયલ વેક્સીન છે.
- આરટીપીસીઆર કોરોના ટેસ્ટ માટે તમામ રાજ્યોમાં સમાન ભાવ રાખવા સુપ્રિમ કોર્ટમાં સુનવણી શરૂ.
- ડાકોરમાં દેવ દિવાળીએ રણછોડરાય મંદિર બંધ રહેશે.
- ઔડાના ભૂતપૂર્વ ચેરમેન ધર્મેન્દ્ર શાહ કોરોના સંક્રમિત.

# અમદાવાદમાં સવારે ૮થી રાતના નવ સુધી ભારે વાહનો પર પ્રતિબંધ

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદમાં વધતા જતા પ્રદુષણ અને કોરોના મહામારીના પ્રકોપને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ કમિશ્નરે મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી સવારે ૮ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધી ટ્રેક્ટર, ટ્રક કે અન્ય ભારે વાહનની અવર-જવર પર પ્રતિબંધ રહેશે. માત્ર જીવનજરૂરિયાતની ચિજવસ્તુઓનો પુરવઠો પુરો પાડવા માટે જ ભારે વાહનોને મંજુરી આપવામાં આવશે.

જોકે આરટીઓનામાં કામકાજ માટે આવતા વાહનો માટે સવારે ૧૦ થી ૬ સુધી જ છૂટછાટ આપવામાં આવશે. તેવી જ રીતે જીવનજરૂરી ચીજવસ્તુઓ, જેમ કે દૂધ-શાકભાજી, ફ્રુટ્સ, પેટ્રોલ તેમજ ડીઝલનાં વાહનોને સવારે ૯ થી બપોરે ૧ અને સાંજના ૪થી ૯ સિવાયના સમયગાળામાં આવવા-જવા માટે છૂટછાટ આપવામાં આવી છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદમાં વધતુ જતુ પ્રદુષણ માથાનો દુખાવો બન્યું છે. તેવી જ રીતે માર્ગ અકસ્માત નિવારવા માટે શહેરમાં આવતા ભારે વાહનો એક ચિંતાનું કારણ બન્યા છે. આ સમસ્યાના કાયમી નિકાલના અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદમાં મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા પ્રમાણે, હવેથી સવારે ૮ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધી ટ્રેક્ટર, ટ્રક કે ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પ્રવેશી નહીં શકે. આરટીઓમાં કામકાજ માટે આવતા વાહનો માટે સવારે ૧૦ થી ૬ સુધી જ છૂટછાટ આપવામાં આવે છે.

જોકે લાઈટ મોટર વ્હીકલ એટલે કે ટ્રાન્સપોર્ટ વાહન કે જેનું કુલ વજન ૭૫૦૦ કિગ્રા સુધીનું થતુ હોય તેવા તમામ લાઈટ ગુડ્સ વ્હીકલ તથા તમામ લાઈટ પેસેન્જર વ્હીકલ શહેરની અંદર પ્રવેશ કરી શકશે. આ સિવાયના ભારે વાહનને શહેરમાં અવરજવર કરવા પર સવારે ૮ થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## ઠંડુગાર

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વાતાવરણમાં ઠંડક પ્રવર્તી છે. વહેલી સવારે અને રાત્રિના સમયે ફરજિયાત ગરમ કપડા પહેરવા પડે તેવી સ્થિતિ છે. ઠંડીની મોસમ આકરી બનતા નગરજનો પણ હવે રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. જયારે સાંજ ઢળતા જ નગરના જનજીવન પર ઠંડીની મોસમની અસર વર્તાય છે. ઠંડી ધીમે ધીમે આક્રમક બની રહી છે. ત્યારે હજુ ગરમીનુ જોર પણ યથાવત છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ત્રણ ગણો તફાવત જોવા મળે છે જેના લીધે ઠંડી ગરમીની આ ઋતુ હાલ નગરજનો કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે વધુ અકળાવનારી પુરવાર થઈ રહી છે. બેવડી સિઝનની અસરથી જનજીવન બેચેની અનુભવી રહ્યુ છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૧.૫ ડીગ્રી ઉંચકાયો હતો જયારે છેલ્લા ત્રણ દિવસથી સતત ઠંડી વધી રહી છે. આજે સવારે ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ હતુ. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૮ ટકા રહ્યુ હતુ. શહેરમાં કોરોનાના સંક્રમણ વચ્ચે ઠંડીનુ જોર વધતા હવે બેવડી ઋતુ વચ્ચે નગરજનોનુ આરોગ્ય વધુ પ્રભાવિત થયુ છે. આવા સંજોગોમાં આરોગ્ય સુખાકારી માટે વધુ સજાગ થવાની અનિવાર્યતા છે.

## આગ બબુલા

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આયોજન થયુ છે તે પુરતુ છે. જયારે હાલ સેકટરોના આંતરિક માર્ગોને પહોળા કરવાનુ અનિવાર્ય નથી પરંતુ શહેરમાં દબાણ, ગંદકી અને રખડતા ઢોર દુર કરવા સહીતની કામગીરીના નામે મીંડુ છે. કોર્પોરેશને તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની અનિવાર્યતા છે. ત્યારે પ્રાથમિક સમસ્યાઓ દુર કરવાના બદલે સ્થાનિક રહીશોને હેરાન કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. વિશ્વકર્મા સોસાયટીના રહીશોએ રજુઆતમાં જણાંવ્યા મુજબ સોસાયટીમાં ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે અનેકવાર રજુઆત કરવામાંઆવી છે. આમ છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. સોસાયટીમાં દબાણની સમસ્યા દુર કરવા સહીત ઘર સુધી માર્ગ નિર્માણ કરવાની આ યોજનાનુ કામ બંધ નહીં કરવામાં આવે તો સ્થાનિકો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## કોરોના વિસ્ફોટ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૩૩ વર્ષીય કમાન્ડોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સેવક તરીકે ફરજો બજાવતી ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૭ માં રહેતા અને ચાંદખેડામાં ગાયનેક ડૉક્ટર તરીકે ફરજો બજાવતા ૩૯ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ઊર્જા અને પેટ્રો કેમિકલ વિભાગમાં ડે.એસ.ઓ. તરીકે ફરજો બજાવતા ૨૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૮૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧ માંથી ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૪ માં રહેતા અને ઉદ્યોગ ખાણ વિભાગમાં એસ.ઓ. તરીકે ફરજો બજાવતા ૩૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૩ માંથી ૨૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૭ માં રહેતા અને ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

બોરીજમાં રહેતી અને સે. ૧૯ માં સેવક તરીકે ફરજો બજાવતી ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૫ માંથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત કોન્ટ્રાકટર તરીકે કામ કરતા ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

શહેરમાં ૩૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે અને ૧૮ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## નવા ૩૪ કેસ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. મોખાસણ ગામેથી ૫૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાવપુરા ગામેથી ૭૦ વર્ષીય ખેડૂત અને ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૭૨૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં ૧૮૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪,૨૪૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## ધ્યાન આપે

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે વધુમાં કહ્યું કે, વેક્સિનને લઈને આપણી પાસે જે અનુભવ છે તેવો અનુભવ દુનિયાના મોટા-મોટા દેશો પાસે નથી. આપણા માટે જેટલી ગતિ જરુરી છે તેટલી જ સુરક્ષા પણ જરુરી છે. ભારત પોતાના નાગરિકોને જે વેક્સિન આપશે તે દરેક વૈજ્ઞાનિક કસોટી પર ખરી ઉતરશે. જ્યાં સુધી વેક્સિન ડિસ્ટ્રીબ્યુશનની વાત છે, તે રાજ્યો સાથે મળીને કરવામાં આવશે. વેક્સિન પ્રાથમિકતા સાથે કોને લગાવવામાં આવશે, તે રાજ્યો સાથે મળીને રોડ મેપ તૈયાર કરાયો છે તે આપની સમક્ષ રજૂ કરાયો છે. આપણે કેટલા વધારાના કોલ્ડ સ્ટોરેજની જરુર પડશે, રાજ્યોએ તેના પર કામ કરવાનું શરુ કરી દેવું જોઈએ. જરુર પડી તો વધારાનો સપ્લાય સુનિશ્ચિત કરવામાં આવશે. વેક્સિનનો એક વિસ્તૃત પ્લાન જલદી રાજ્યો સમક્ષ રજૂ કરવામાં આવશે.

વડાપ્રધાને કહ્યું કે, હું ઈચ્છું છું કે બ્લોક લેવલ પર એક ટીમ બને. આ ટીમ વેક્સિનની ટ્રેનિંગ અને ડિસ્ટ્રીબ્યુશનને લઈને સતત કામ કરશે. કોરોના વેક્સિનને લઈને નિર્ણય વૈજ્ઞાનિક ત્રાજવા પર જ તોલાવા જોઈએ. આપણે કોઈ વૈજ્ઞાનિક નથી. આપણે વ્યવસ્થા હેઠળ વાતને સ્વીકારવી પડશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે વેક્સિનને લઈને સ્થિતિ ઘણી સાફ થઈ ગઈ છે. તેમણે મુખ્યમંત્રીઓને કહ્યું, તમને પ્રેઝન્ટેશનમાં સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. વેક્સિનની દિશામાં અંતિમ સ્તર પર કામ ચાલી રહ્યું છે. ભારત સરકારની તમામ ડેવલપમેન્ટ પર બારીક નજર છે. અમે બધાના સંપર્કમાં છીએ. જોકે, તેમણે કહ્યું કે ઘણી બાબતોને લઈને સ્પષ્ટતા નથી, માટે ભ્રમમાં ના રહેશો.

તેમણે એમ પણ કહ્યું કે, હજુ એ નક્કી નથી થયું કે વેક્સિનનો એક ડોઝ હશે, બે ડોઝ હશે કે ત્રણ ડોઝ હશે. એ પણ નક્કી નથી કે તેની કિંમત કેટલી હશે, એટલે કે

હજુ આપણી પાસે આ સવાલોના જવાબ આપણી પાસે નથી. જે લોકો તેને બનાવવાના છે, કંપનીઓમાં સ્પર્ધા છે, દુનિયાના દેશોના પોત-પોતાના ડિપ્લોમેટિક ઈન્ટરેસ્ટ હોય છે. ડબલ્યુએચઓની પણ આપણે રાહ જોવી પડશે. આપણે આ બાબતોને વૈશ્વિક સંદર્ભમાં જોવી જોઈએ.

## રસીની ખૂબ નજીક

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાએ જણાવ્યું હતું કે અમે ટૂંક સમયમાં ઈમરજન્સી લાઈસન્સ માટે પ્રયત્ન કરીશું અને અમને આશા છે કે એક મહિનામાં મંજૂરી મળી જશે. અંતિમ મંજૂરી ફક્ત ડીસીજીઆઈના નિર્ણય દ્વારા લેવામાં આવે છે. પૂનાવાલાએ જણાવ્યું હતું કે, કંપનીએ અત્યાર સુધીમાં લગભગ ૪ કરોડ ડોઝનું ઉત્પાદન કર્યું છે. જાન્યુઆરી સુધીમાં અમે ૧૦૦ કરોડ ડોઝ તૈયાર કરીશું. તેમાંના મોટાભાગને ભારતની પ્રાધાન્યતા તરીકે રાખવામાં આવશે. એસઆઈઆઈના સીઈઓ અદાર પૂનાવાલાએ જણાવ્યું હતું કે, બજારમાં કોવિશિલ્ડની એક ડોઝની કિંમત ૫૦૦થી ૬૦૦ રૂપિયા હશે. તે જ સમયે, તે સરકારને ૨૨૦થી ૩૦૦ રૂપિયાની વચ્ચે પૂરા પાડવામાં આવશે. કોઈપણ વ્યક્તિને બે ડોઝની જરૂર પડશે. તેની તુલનામાં ફાઈઝર અને મોડર્ના રસીના ભાવ વધારે છે. મોડર્નાના એક ડોઝની કિંમત ૨૭૭૫ રૂપિયા સુધી હોઈ શકે છે, જ્યારે ફાઈઝર ૧૫૦૦ રૂપિયામાં ઉપલબ્ધ કરાવી રહ્યું છે. અદાર પૂનાવાલાએ કહ્યું, હું ઘણી બધી બાબતો પર ધ્યાન આકર્ષિત કરવા માંગુ છું કે કોવિશિલ્ડની કિંમત પણ ઓછી છે, તેને જાળવવી સરળ છે અને તે ટૂંક સમયમાં વ્યાપકપણે ઉપલબ્ધ થઈ જશે. તેના એક ડોઝથી ૯૦ ટકા અને બીજી ડોઝથી ૬૨ ટકા સુધી સુરક્ષિત મળી શકે છે.

## મહારાષ્ટ્રમાં...

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

બહુમત સાબિત કરવાનો વારો આવે તે પહેલાં જ અજિત પવાર ફરીથી તેમની પાર્ટીમાં જતા રહ્યા હતા. આવી સ્થિતિમાં શિવસેનાએ થોડાંક દિવસ પહેલાં જ આ ઘટનાને લઈ કટાક્ષ કર્યો હતો અને પછી આ વિવાદ ચર્ચામાં આવ્યો. ભાજપની ૮૦ કલાકની સરકાર તૂટ્યા બાદ મહારાષ્ટ્રમાં શિવસેના-કોંગ્રેસ-એનસીપી ગઠબંધનની સરકાર બની અને ઉદ્ધવ મુખ્યમંત્રી બન્યા. પરંતુ ત્યારબાદ ભાજપ દ્વારા સતત સરકારને નિશાન બનાવવામાં આવી રહી છે અને ઉદ્ધવ સરકાર અનેક મુદ્દાઓ પર ઘેરાઈ છે.

## સત્તા સોંપવા

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

અગાઉ જ જાહેરાત કરી હતી કે અમેરિકન વિદેશી નીતિઓ અને સુરક્ષા પદો માટે ખૂબ જ અનુભવી લોકોના એક ગ્રૂપની નિમણૂક થશે, જણાવ્યું હતું કે 'જીએસએ હવે સત્તાના સરળ અને શાંતિપૂર્ણ સ્થાળાંતરણમાં જરૂરી મદદની મંજૂરી આપશે.' બાઈડેનના ટ્રાન્ઝિશન ડિરેક્ટર યોહાનેસ અબ્રાહમ એ એક નિવેદન બહાર પાડતાં કહ્યું છે કે, 'આગામી દિવસોમાં ટ્રાન્ઝિશન અધિકારી ફેડરલ અધિકારીઓને મળવાનું શરૂ કરીશું જેથી કરીને મહામારીને લઈ થઈ રહેલા કામ, રાષ્ટ્રીય સુરક્ષા હિતો પર સંપૂર્ણ વિગતો અને સરકારી એજન્સીઓને ખોખલા કરવાની ટ્રમ્પ પ્રશાસનની કોશિષોને સંપૂર્ણ રીતે સમજી શકાય છે. ટ્રમ્પની તરફથી આ સંકેત મિશિગનની તરફથી પોતાના ચૂંટણી પરિણામોની ફરીથી પુષ્ટિ કર્યા બાદ આવ્યા છે. બીજી બાજુ વધુ શક્તિશાળી ટ્રમ્પના સમર્થકોએ માંગણી કરી છે.

# લોકડાઉનના ડરે પ્રવાસી મજૂરો ફરી વખત વતન ભણી ઉપડ્યા

**અમદાવાદમાં ૫૭ કલાકના કર્ફ્યુ તેમજ ચાર શહેરોમાં રાત્રી કર્ફ્યુને લીધે મજૂરોમાં ફરીએકવખત ભારે ફફડાટ**

સુરત, તા. ૨૪

દિવાળી પછી ફરી વકરેલા કોરોના વાયરસના કારણે અમદાવાદમાં ૫૭ કલાક લાંબો કર્ફ્યૂ જાહેર કર્યા બાદ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં રાત્રી કર્ફ્યૂ જાહેરા કરવામાં આવ્યો છે. આવામાં સરકારે કર્ફ્યૂ દરમિયાન આ લોકડાઉન નથી તેવી સ્પષ્ટ કરી હતી જોકે, અફવાઓના કારણે લોકો ફરી લોકડાઉન આવશે તેવી ચર્ચાના કારણે પ્રવાસી મજૂરો પોતાના વતન પરત ફર્યા હતા. ફરી એકવાર લોકડાઉન આવે અને પોતે ફસાઈ જશે તેવી ભીતીના કારણે કેટલાક ઠેકાણે મજૂરો પોતાના વતન પરત ફરી રહ્યા હોય તેવા કિસ્સા સામે આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને પ્રવાસી મજૂરો અને રોજનું કમાઈને રોજ ખાતા લોકો વધારે ચિંતિત બન્યા છે કારણ કે તેઓ કમાણી કરવા માટે પોતાનું ઘર અને ગામ છોડીને શહેરોમાં મજૂરી કામે આવતા હોય છે.

ફરી લોકડાઉન આવશે તેવી ભયના કારણે અમદાવાદમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો તે પહેલા માટી સંખ્યામાં લોકો પોતાના વતન જવા માટેની તૈયારી બતાવી હતી. આ જ રીતે હવે વાપીમાં ફરી લોકડાઉન આવશે તેવા ડરના કારણે પ્રવાસી મજૂરો સ્થળાંતર કરી રહ્યા છે. શ્રમિકોએ અગાઉ લોકડાઉનમાં તે તકલીફો વેઠી હતી તેવી તકલીફ ફરી ના વેઠવી પડે તેમ માનીને પોતાના વતન તરફ પ્રયાણ કરતા દેખાયા હતા.

વાપી અને દમણની કંપનીઓમાં કામ કરતા શ્રમિકો લોકોડાઉન આવશે તેવા ડરે એક સામટા પોતાના વતન તરફ જતા નજરે પડ્યા હતા. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ સોમવારે પણ વાપી અને દમણના રાજ્યના અને રાજ્ય બહારના શ્રમિકો રેલવેમાં ટિકિટ ના મળતા બસ સ્ટેન્ડ અને ખાનગી લકઝરીની મદદથી પોતાના વતન પરત જવા માટે તૈયારી બતાવી હતી.

કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે દેશમાં ૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી ૨૧ દિવસનું લોકડાઉન લાગુ કર્યા બાદ ૪ તબક્કામાં ૩૧ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું હતું. જેના કારણે પ્રવાસી મજૂરોની હાલ કફોડી બની હતી, કારણ કે તેમની પાસે શહેરોમાં કામ નહોતું અને ખાવાના ફાંફા પડી ગયા હતા. આવામાં તેઓ પોતાના વતન પરત જવા માટે ભારે હાલાકી ભોગવવી પડી હતી.

જોકે, આ પછી જુન મહિનાથી દેશમાં અનલોક જાહેર કરવામાં આવ્યું અને લોકો ફરી પોતાના વ્યવસાય અને કામકાજના સ્થળો પર જતા થયા છે. આવામાં દિવાળીમાં ભારે ભીડ-ધસારાના કારણે કોરોના વધુ વકરતા તેના પર કાબૂ મેળવવા માટે રાજ્ય સરકારે રાત્રિ કર્ફ્યૂનો નિર્ણય લીધો છે. આવામાં ખોટી અફવાના લીધે પ્રવાસી મજૂરો પોતાના વતન પરત જવા માટે મજબૂર બની રહ્યા છે.


ફ્લેટ વેચવાનો છે

3 બીએચકે, ૧૯૩ ચો.વાર, ફર્નીશ્ડ, વાસ્તુ પ્રમાણે, ગાર્ડન ફેસીંગ, સરગાસણ, ગાંધીનગર

મો. ૯૪૨૬૭ ૭૬૬૦૮

અનંત આસ્થા SK BANK સાકો બેંક The Sabarkantha District Central Co-operative Bank Ltd.

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

નૂતન વર્ષાભિનંદન

આવો આપણે સૌ આજથી રોજીંદા જીવનમાં પ્લાસ્ટીકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરી પર્યાવરણને બચાવીએ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અને શ્રેષ્ઠ ભારત નિર્માણનો સંકલ્પ લઈએ.

પરમ આત્મીય સહકારી બંધુ,

નૂતન વર્ષના આ આનંદદાયક પ્રભાતે સહકારની સકારાત્મક ભાવનાઓ દ્વારા શુભ સંકલ્પો સિદ્ધ થાય તથા એકાત્મ બંધુત્વની પવિત્ર જ્યોત સતત પ્રજ્વલિત રહે તેમજ સૌને ઉત્તમોત્તમ વિચારો, આયુષ્ય અને જીવન પ્રાપ્ત થાય તેવી શુભકામનાઓ સહ...

સંસ્કાર | સહકાર | સમૃદ્ધિ

મહેશભાઈ એ. પટેલ – ચેરમેન

એચ. પી. નાયક – ચીફ એક્ઝીક્યુટીવ

પંકજભાઈ એન. પટેલ – માનદ મેનેજીંગ ડીરેક્ટર

રાજેન્દ્રસિંહજી એન. ભાટી – વાઇસ ચેરમેન

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.




અનંત આસ્થા SK BANK સાકો બેંક The Sabarkantha District Central Co-operative Bank Ltd.

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

SURMOUNT HOSPITAL · EMERGENCY 24 HOURS SERVICES

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

સુવિધાઓ

- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) · ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)

- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર
- આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon

- દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
- હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)

- હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)

ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon

- ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
- હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ
- અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)

ડૉ. આશીલ માણાવદરીયા MS ENT

- કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)

ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon

- મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦


કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮